### સુખસર તાલુકાના લખણપુર ગામે એસઓજીનો સપાટો

## લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો બોગસ બંગાળી તબીબને SOGએ ઝડપી પાડ્યો

**મેડિકલને લગતી સાધન સામગ્રી તથા દવાઓ મળી કુલ રૂપિયા 49,006 ના મુદ્દા માલ કબજે કર્યો**



(પ્રતિનિધિ) સુખસર, તા.12 પંચમહાલ રેન્જના મે.નાયબ પોલીસ મહાનિરીક્ષક વીધી ચૌધરી તથા દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા ના ઓએ જિલ્લામાં તમામ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ઉપર રોક લગાવવા તથા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા હોય તેવા ઈસમો વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સૂચના આપેલ હતી.જે અનુસંધાને એ.સો.જી પોલીસ ઈન્સ્પેક્ટર એસ.જે.રાણા ના ઓના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.યુ જોશી એસ.ઓ.જી શાખાના પોલીસ કર્મચારીઓ સાથે પેટ્રોલિંગમાં હતા.તે દરમ્યાન આ.પો.કો રાજેન્દ્રકુમાર મનસુખભાઈના ઓને બાતમી મળેલ કે,સુખસર પોલીસ સ્ટેશન હદ વિસ્તારના લખણપુર ગામમાં આવેલા ભાડાના મકાનમાં એક બોગસ તબીબ મેડિકલ ડિગ્રી કે પ્રમાણપત્ર નહીં હોવા છતાં ક્લિનિક ખોલી લોકોની સારવાર કરે છે.તેવી સચોટ બાતમી મળેલ. જે આધારે એસ.ઓ.જી દાહોદ ટીમ દ્વારા સ્થળ ઉપર રેઈડ કરતા હકીકત વાળો ઈસમ પ્રાંજલ અસીત જાતે મંડલ,( ઉંમર વર્ષ 20 )ધંધો. મેડિકલ પ્રેક્ટિસ,રહે.ઉત્તરદતા પારા પો.મોલ્લા બેલીયા જિલ્લો નદીયા, પશ્ચિમ બંગાળ હાલ રહે. ઝાલોદ બસ સ્ટેશન સામે,માળીની વાડીની બાજુમાં,તા.ઝાલોદ,જિ. દાહોદ વાળો ક્લિનિકમાં દર્દીઓની સારવાર કરતો મળી આવેલ.જેથી મેડિકલ ઓફિસરને સ્થળ ઉપર બોલાવી જગ્યાની તપાસ કરતા કિંમત રૂપિયા- 49,0006 ની જુદા-જુદા પ્રકારની દવા, ગોળી, બોટલો, ઈન્જેક્શનનો તથા અન્ય મેડિકલ દવા સારવાર કરવાના સાધન સામગ્રી મળી આવેલ.જે કબજે લઈ સદર હું ઈસમ વિરુદ્ધ લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવા બદલ ભારતીય ન્યાય સંહિતા-2023 ને કલમ 125 તથા ધી ગુજરાત મેડિકલ પ્રેક્ટિસના એક્ટ-1963 ની કલમ 30,33 મુજબ કાયદેસર કાર્યવાહી કરી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

### પોલીસે સમગ્ર મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો

## લુણા પ્રાથમિક શાળાના આચાર્ય સામે બોગસ સહીથી રૂ. ૨.૪૦ લાખ ઉપાડ્યાના આક્ષેપ

(પ્રતિનિધિ) પાદરા, તા.12 પાદરા તાલુકાની લુણા પ્રાથમિક શાળાના આચાર્ય દેવેન્દ્ર પટેલ સામે શાળાના ખાતામાંથી બોગસ સહી કરીને અંદાજે રૂ. 2.40 લાખની રકમ ઉપાડ્યાના આક્ષેપો વચ્ચે શિક્ષણ વિભાગે તપાસ તેજ કરી છે. આ મામલે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીની ટીમે શાળા ખાતે પહોંચી સંબંધિત દસ્તાવેજો અને નિવેદનોના આધારે તપાસ હાથ ધરી હતી.ફરિયાદ મુજબ, શાળાની એસએમસી સભ્ય મેઘાબેનના નામની કથિત ખોટી સહી કરીને પાદરાની Bank of Baroda શાખામાંથી શાળાના ખાતામાંથી નાણાં ઉપાડવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ અંગે મેઘાબેન અને તેમના પરિવારજનોએ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી તેમજ જિલ્લા પંચાયત સમક્ષ લેખિત રજૂઆત કરી છે. ઉપરાંત, બેંક દ્વારા સહીનું યોગ્ય વેરિફિકેશન કર્યા વિના નાણાં ચૂકવવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે રિઝર્વ બેંક સમક્ષ પણ રજૂઆત કરવામાં આવી હોવાનું જણાવાયું છે. આ રજૂઆતના અનુસંધાને તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી જીગ્નેશ પરમાર, CRC કો-ઓર્ડિનેટર અને BRCની ટીમે 11 જુલાઈના રોજ લુણા પ્રાથમિક શાળામાં સ્થળ તપાસ કરી હતી.

તપાસ દરમિયાન કમિટીના સભ્યોએ પોતાના નિવેદનોમાં આચાર્ય દ્વારા બોગસ સહીના આધારે નાણાં ઉપાડવામાં આવ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો અને સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ફરિયાદીઓનો દાવો છે કે શાળાના ખાતામાંથી ઉપાડાયેલી રકમ સરકારી નાણાં હોવાથી તેની વસૂલાત કરી આચાર્ય સામે ફોજદારી ફરિયાદ નોંધાવવી જોઈએ.

**ગંભીર આક્ષેપો છતાં નાણાકીય સત્તા યથાવત્?**

ફરિયાદીઓએ સવાલ ઉઠાવ્યો છે કે રૂ. 2.40 લાખની શંકાસ્પદ નાણાકીય લેવડદેવડ અંગે ગંભીર આક્ષેપો અને તપાસ ચાલી રહી હોવા છતાં લુણા પ્રાથમિક શાળાના આચાર્ય પાસે હજુ પણ શાળાના ખાતાની નાણાકીય સત્તા કેમ યથાવત્ રાખવામાં આવી છે? તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી નાણાકીય સત્તા સ્થગિત કરવાની માંગ પણ કરવામાં આવી છે. આ સમગ્ર મામલે કરવામાં આવેલા આક્ષેપોની તપાસ હાલ શિક્ષણ વિભાગ દ્વારા ચાલી રહી છે. સંબંધિત અધિકારીઓ તરફથી અંતિમ તપાસ અહેવાલ અથવા કાયદેસરની કાર્યવાહી બાદ જ જવાબદારી અંગે સ્પષ્ટતા થશે.

### દાહોદ બસ સ્ટેશનમાં RCC રોડના કામમાં એન્જીનીયરની બેદરકારી

## સ્માર્ટ સિટીની ભૂગર્ભ ગટરના ઢાંકણા ઉપર RCC રોડ બનાવી દેતા સ્થાનિકોમાં રોષ



(પ્રતિનિધિ) દાહોદ, તા.12 દાહોદ બસ સ્ટેશનમાં મુસાફરોની સુવિધા માટે આરસીસી ફ્લોરિંગનું કામ ચાલી રહ્યું છે પરંતુ, કોન્ટ્રાક્ટરે સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત કરોડોના ખર્ચે બનેલી ભૂગર્ભ ગટર લાઈનને ધ્યાનમાં લીધા વિના જ તેના પર સિમેન્ટનું આરસીસી કામ શરૂ કરી દીધું હતું.બેદરકારીની હદ આ આડેધડ કામગીરીના કારણે ભૂગર્ભ ગટરના મુખ્ય ચેમ્બરના ઢાંકણાઓ જ આરસીસીના થર નીચે દબાઈ ગયા છે. જો ભવિષ્યમાં ગટર ચોકઅપ થાય, તો તેને સાફ કરવા માટે આખું ફ્લોરિંગ તોડવું પડે તેવી સ્થિતિ સર્જાઈ શકે એટલું જ નહીં, કામગીરી દરમિયાન બે જવાબદાર કોન્ટ્રાક્ટર દ્વારા આસપાસના અનેક ઘર અને દુકાનોના ગટર કનેક્શન પણ તોડી નાખવામાં આવ્યા. જેને કારણે સ્થાનિક રહિશો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે અને લોકો માં તંત્ર સામે ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે સ્થળ પર હોબાળો કર્યો આ ઘટનાની જાણ થતાં જ દાહોદ નગરપાલિકા ના સ્થાનિક કાઉન્સિલર ઈસ્તીયાક સૈયદ તાત્કાલિક બસ સ્ટેશન ખાતે દોડી આવ્યા. તેમણે ચાલી રહેલા કામને અટકાવી દીધું અને માંગ કરી છે કે જ્યાં સુધી ગટરના તમામ ઢાંકણા અને ચેમ્બર ઊંચા લેવલ પર લાવીને વ્યવસ્થિત ન કરાય, ત્યાં સુધી કામ આગળ વધવા દેવામાં નહીં આવે આ સમગ્ર ઘટના બાદ એસ.ટી. વિભાગ, નગરપાલિકા અને સ્થાનિક વહીવટી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે કે કરોડો રૂપિયાના સ્માર્ટ સિટીના પ્રોજેક્ટ પર આ પ્રકારે પાણી ફેરવતા અધિકારી ઓ કેમ આંખ આડા કાન કરી રહ્યા છે?

## હાલોલ તાલુકાના વાસેતી ગામેથી મહાકાય અજગરનું દિલધડક રેસ્ક્યુ



(પ્રતિનિધિ) હાલોલ, તા.12 હાલોલ તાલુકાના વાસેતી ગામની સીમ વિસ્તારમાં રાત્રે આશરે 10 વાગ્યાના અરસામાં મહાકાય અજગર દેખાતા ગ્રામજનોમાં થોડા સમય માટે ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ ટેલિફોનિક માધ્યમથી ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટને કરવામાં આવતા ફોરેસ્ટ વિભાગનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ સાથે સિદ્ધાંત જીવદયા ટીમ પણ રેસ્ક્યુ કામગીરીમાં જોડાઈ હતી. ટીમે લગભગ અડધા કલાકની ભારે જહેમત બાદ મહાકાય અજગરનું સફળતાપૂર્વક અને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કર્યું હતું. ફોરેસ્ટ ઓફિસર શ્રીમતી ચંદ્રિકાબેનના માર્ગદર્શન અને સલાહ મુજબ મહાકાય અજગરને સુરક્ષિત રીતે પકડીને માનવ વસવાટથી દૂર આવેલા પાવાગઢ ધોબીકુવા રેસ્ક્યુ સેન્ટર ખાતે મુક્ત કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કામગીરી દરમિયાન ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ અને સિદ્ધાંત જીવદયા ટીમની સતર્કતા અને કુશળ કામગીરીને સ્થાનિક લોકોએ બિરદાવી હતી. સાથે જ જંગલી પ્રાણીઓ દેખાય ત્યારે ગભરાશો નહીં, તેમને કોઈપણ પ્રકારનું નુકસાન પહોંચાડ્યા વિના તાત્કાલિક ફોરેસ્ટ વિભાગ અથવા રેસ્ક્યુ ટીમને જાણ કરવાની અપીલ પણ કરવામાં આવી છે.

### પૂર ઝડપે ભટકાયેલી બંને કારના આગળના ભાગનો કચ્ચરઘાણ વળી ગયો

## ડભોઈ વડોદરા માર્ગ પર થુવાવી પાસે કાર સામસામે ભટકાતા ત્રણ ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ) ડભોઇ, તા.12 ડભોઈ વડોદરા માર્ગ પર થુવાવી થી ભીલાપુર વચ્ચે બ્રિજ અને માર્ગ નું કામ ચાલતું હોય રાત્રિ ના ડાયવર્જન થી એકમાર્ગીય રસ્તા પર સામસામે બે કાર ભટકાઈ ગઈ હતી. જેમાં મારુતિ ઈકો અને મારૂતિ ફ્રોક્સ વચ્ચે અકસ્માત સર્જાયો હતો.પૂર ઝડપે ભટકાયેલી બંને કાર ના આગળ ના ભાગ નો કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માત ને પગલે બંને કાર ના ચાલક અને કાર માં બેઠેલ અન્ય એક ને ઈજાઓ પહોંચી હતી. અકસ્માત ને પગલે ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો.ઈજાગ્રસ્તો ચાદર ની જોલી માં નાખી ને 108 એમ્બ્યુલન્સ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા.જે બાદ માં અકસ્માત માં ક્ષતીગ્રસ્ત વાહનો ને બાજુ પર ખસેડી ટ્રાફિક હળવો કરાયો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે પાછલા કેટલાક સમય થી ડભોઈ પંથક માં અસંખ્ય અકસ્માતો થવા પામ્યા છે.



**અસંખ્ય અકસ્માતો થી પોલીસનું હૃદય દ્રવી ઉઠ્યું**

ડભોઇ પંથક માં પાછલા થોડા સમય માંજ ઉપરા છાપરી અકસ્માતો થવા પામ્યા છે.જેમાં અસંખ્ય લોકો લોથ વળી ગયા છે.જેમ કલિંગ ના યુદ્ધ બાદ સતવિસત લોહી થી લથબથ મૃતદેહો ના ઢગલા જોઈ સમ્રાટ અશોક નું હૃદય પરિવર્તન થયું હતું.તેમ ડભોઇ પોલીસ નું હૃદય પણ દ્રવી ઉઠતા અકસ્માતો માટે માર્ગ મકાન વિભાગ ને જવાબદાર માની પત્ર લખી નાખ્યો.અને માર્ગ પર સાવચેતી ના મોટા બોર્ડ,કલર કરેલા મોટા બ્લોક મૂકવાની સુફિયાણી સલાહ પણ આપી દીધી છે.અને જો અકસ્માતો થશે તો માર્ગ મકાન વિભાગ ના જવાબદાર અધિકારી સામે ફરિયાદ કરવાની ચેતવણી પણ આપી છે.

## શિનોરના પુનિયાદ ગામે ,ગ્રીન પુનિયાદ ટીમના યુવાનો ધ્વારા મુક્તિધામમાં વૃક્ષારોપણ કરાયું



**શિનોર :** શિનોર તાલુકાના પુનિયાદ ગામે, ગ્રીન પુનિયાદ ટીમના યુવાનો ધ્વારા છેલ્લા ચાર વર્ષથી ગામના વિવિધ જાહેર સ્થળોએ વૃક્ષારોપણ કરી તેનો ઉછેર કરી પ્રશંસનીય કામગીરી કરાઈ રહી છે.. જે કાર્ય સતત પાંચમા વર્ષે પણ અવિરત જોવા મળ્યું હતું. આજરોજ ગ્રીન પુનિયાદ ટીમના યુવાનો ધ્વારા, પુનિયાદ ગામે નવનિર્મિત મુક્તિધામ ખાતે વિવિધ પ્રકારના વૃક્ષો અને ફૂલછોડનું રોપણ કરી પર્યાવરણ પ્રત્યે નો પ્રેમ જતાવ્યો હતો.. આમ પુનિયાદ ગામની, ગ્રીન પુનિયાદ ટીમ ના યુવાનોએ સતત પાંચ વર્ષ ના આ કાર્ય થી તાલુકા સહિત વડોદરા જિલ્લામાં પર્યાવરણ અંગેનો પ્રેરણારૂપ મોટો સંદેશ પાઠવ્યો છે.

## દાહોદની આરએન્ડ પંડ્યા હાઈસ્કૂલમાં છાત્ર સાંસદ ચુંટણીનુ આયોજન



(પ્રતિનિધિ) દાહોદ, તા.12 દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત આર એન્ડ પંડ્યા હાઈસ્કુલ અને શ્રીમતી એસ એમ કુંદાવાલા હાયર સેકન્ડરી સ્કુલ શાળામાં વિદ્યાર્થીઓ ભારતીય લોકશાહીની પ્રક્રિયા ને પ્રત્યક્ષ સમજે, અનુભવે અને તેના મૂલ્યને આત્મસાત કરે એવા ઉમદા હેતુથી શાળા સાંસદ ચૂંટણીનો ભવ્ય આયોજન મોબાઈલ ઈવીએમ દ્વારા કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વર્ગ પ્રતિનિધિને ચૂંટયા હતા. ત્યાર બાદ વર્ગ પ્રતિનિધિઓએ પ્રમુખ, ઉપપ્રમુખ ,મંત્રી તેમજ અન્ય હોદ્દાઓ માટે હોદ્દેદારોને ચૂંટ્યા હતા. જેમનો શપથવિધિ સમારોહ તારીખ 11/ 7/26 ને શનિવારના રોજ બપોરે 12:30 કલાકે દાદરવાલા હોલમાં રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદનાથી કરવામાં આવી.

શાળાના આચાર્યા શ્રીમતી નિતીક્ષાબેન પટેલ દ્વારા પરિચય અને શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. ચૂંટણી કમિશનર શાળાના શિક્ષક ઉમંગભાઈ દરજી અને એસ આર ગામીત દ્વારા સમગ્ર ચૂંટણીમાં અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

## જબુગામ, સુસ્કાલ પંથકમાં વીજધાંધિયાથી લોકો પરેશાન

બોડેલી : બોડેલી તાલુકાના જબુગામ, સુસ્કાલ અને આસપાસના ગામોમાં છેલ્લા બે દિવસથી વીજ પુરવઠાની ગંભીર સમસ્યા સર્જાતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વારંવાર વીજળી ગુલ થવા અને ફોલ્ટ સમયસર શોધી દૂર ન થતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જબુગામ, સુસ્કાલ સહિત આસપાસના ગામોમાં છેલ્લા બે દિવસથી વીજ પુરવઠો સતત ખોરવાઈ રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, હેલ્પરો દ્વારા ફોલ્ટ શોધવાના પ્રયાસો છતાં યોગ્ય અને કાયમી ઉકેલ મળી રહ્યો નથી, દિવસ માં 10 થી 15 વાર ટ્રિપિંગ થઈ રહ્યું છે અને રાત્રી દરમ્યાન અલગ ટ્રીપિંગ આવે છે જેના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

## ડભોઈની પટેલ વાડી ખાતે કોંગ્રેસના ઉમેદવારોનો સત્કાર સમારંભ યોજાયો



(પ્રતિનિધિ) ડભોઇ, તા.12 ડભોઇ શહેર તાલુકા કોંગ્રેસ સમિતિ ધ્વારા નગર પાલિકા, તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષે થી જીતેલા હારેલા ઉમેદવારો ને ટ્રોફી આપી સન્માનિત કરાયા હતા.તેમજ આગામી સમય માં કોંગ્રેસ પાર્ટી માટે રાત દિવસ કામ કરી સંગઠન ને મજબૂત બનાવવાનું આહવાન કરાયું હતું. દેશમાં ભ્રષ્ટાચાર વકરી રહ્યો છે. ખેડૂતો, યુવાનો, દલિતો, વિદ્યાર્થીઓ, આદિવાસી, મુસ્લિમ સમાજ સત્તાનીતિ થી હેરાન પરેશાન છે. રામ મંદિર માં ચોરીની ઘટના સરકાર ની નિષ્ફળતા તેમજ સમાજ અને દેશ માટે શરમજનક ઘટના છે.દેશ માં લોકશાહીનું હનન થઈ રહ્યું છે. ડભોઇ કોંગ્રેસ ના ઉમેદવારો ધ્વારા હિંમત,સંગઠન અને વફાદારી થી લડી ચૂંટણી જીત્યા એ તમામ સભ્યો ને અભિનંદન પાઠવું છું. કપરા સમય માં ધાકધમકીની રાજનીતિ સામે ઝઝૂમી કોંગ્રેસ પક્ષે થી જીત હાંસલ કરી છે. આમ ઉપરોક્ત શબ્દો ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને ડભોઇ ના પૂર્વ ધારાસભ્ય સિદ્ધાર્થભાઇ પટેલે સત્કાર સમારંભમાં પોતાના વક્તવ્ય જણાવ્યા હતા. જ્યારે તાલુકા કોંગ્રેસ પ્રમુખ સુધીરભાઈ બારોટએ અધિકારીઓ ને રાજકારણના હાથા બની એક તરફી કામ કરવા સામે ચાબખા માર્યા હતા.

### મામા ભાણા એ ગાયની કતલ કરી હતી, રૂ. ૫૩,૫૦૦નો મુદ્દામાલ જપ્ત

## વેજલપુરના ખેતરમાં પોલીસનો દરોડો, ૨૬૫ કિલો ગૌમાંસ સાથે એક આરોપીને ઝડપ્યો



(પ્રતિનિધિ) કાલોલ, તા.12 પંચમહાલ ગોધરા ના ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના અને ખાસ માર્ગદર્શન હેઠળ વેજલપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જી.કે. વહુનિયા અને તેમની ટીમ કોમ્બિંગ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન પોલીસને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે વેજલપુર ઘુસર રોડ જુના સ્મશાન પાછળ કેટલાક ઈસમો ગૌવંશ લાવીને તેની કતલ કરી રહ્યા છે જે બાતમીના આધારે વેજલપુર પોલીસની ટીમે તાત્કાલિક સ્મશાન પાછળના ખુલ્લા ખેતરમાં રેઈડ પાડી હતી ત્યારે ખુલ્લામાં બે ઈસમો મોબાઈલ ની બેટરીના અજવાળે કુહાડી થી માસ કાપતા અને ટીચતા હોવાનું જોવા મળ્યા હતા પોલીસને જોઈ નાસવાની કોશીસ કરતા પોલીસે પીછો કરતા એક ઈસમ આદિલ ઈમરાન જમાલ ઉમર ૨૦ મોટી ઘાંચી વાડ,.વેજલપુર નાઓ પકડાઈ ગયો હતો જ્યારે બીજો ઈસમ શાહિદ અહેમદ ભુરા તેનો સગો મામો થતો હતો જે ભાગી ગયો હતો.પોલીસે રેઈડ દરમિયાન સ્થળ પરથી ૨૬૫ કિલોગ્રામ ગૌમાંસ, કતલ કરવા માટેના હથિયારો/સાધનો કુલ કિંમત રૂ. ૫૩,૫૦૦/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.પોલીસની પૂછપરછમાં પકડાયેલ ઈસમે જણાવ્યું હતું કે તેનો મામો શાહિદ અહેમદ ભુરા રે વેજલપુર તેના ઘરે આવ્યો હતો અને પોતે ગાય લાવ્યો છે અને ઘુસર રોડ સ્મશાન પાછળ બાંધી છે જે રાત્રે કત્લ કરી તેનું માસ વેચી જે પૈસા મળે તે વહેંચી લેવાનું કહ્યુ હતું જેથી તે તેના મામા સાથે ગાય ની કત્લ કરવા ગયો હતો અને પોતે ગાયના પાછલા પગ અને પુછડી પકડી રાખી હતી તેના મામાએ ગાય કત્લ કરી હતી તેવી કબૂલાત કરી હતી પોલીસે વેટનરી ડોક્ટર બોલાવતા મળી આવેલ માંસ ગૌ વંશ નુ હોવાનું જાણવા મળેલ પોલીસે પરીક્ષણ માટે એફ એસ એલ માં મોકલી સરકારી ગૌચર જમીનમાં ખાડો કરાવી મળી આવેલ માંસ નો નાશ કરી આ બંને આરોપીઓ વિરુદ્ધ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ-૨૦૧૧ (સુધારા ૨૦૧૭) ની કલમ 8(2), 8(4), 10 તથા B.N.S. ૩૨૫ અને જી.પી. એક્ટ કલમ ૧૧૯ મુજબ ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે.

## પાદરાના તલાવડી-લુણા રોડ પર રિક્ષાની ટક્કરે યુવકનું મોત

(પ્રતિનિધિ) પાદરા, તા.12 પાદરા તાલુકાના તલાવડી-લુણા રોડ પર એડમાર્ક કંપની નજીક થયેલા માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા યુવકનું સારવાર દરમિયાન મોત નીપજતાં પાદરા પોલીસે CNG રિક્ષાના અજાણ્યા ચાલક સામે ગુનો નોંધ્યો છે. પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ગત રોજ રાત્રે જયદીપભાઈ નવીનભાઈ માળી તેમની નવી એક્ટિવા પર સોખડા ખુર્દ ગામના વિપુલભાઈ મહેન્દ્રભાઈ માળીને પાછળ બેસાડીને લુણા ગામ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન લુણા તરફથી આવી રહેલી CNG રિક્ષા ના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારી એક્ટિવાને ટક્કર મારી હતી. અકસ્માતમાં જયદીપભાઈને મોઢા, દાઢી, માથા, ગળા, છાતી તેમજ જમણા પગના ભાગે ઈજાઓ પહોંચી હતી, જ્યારે પાછળ બેઠેલા વિપુલભાઈને માથાના પાછળના ભાગે અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થતા બંનેને સારવાર માટે વડોદરાની એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન 10 જુલાઈની રાત્રે આશરે 10:30 વાગ્યે વિપુલભાઈ મહેન્દ્રભાઈ માળી (ઉ.વ. 23), રહે. સોખડા ખુર્દનું મોત નીપજ્યું હતું. મૃતકના પિતા મહેન્દ્રભાઈ ખોડાભાઈ માળીની ફરિયાદના આધારે પાદરા પોલીસે CNG રિક્ષાના અજાણ્યા ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## શિનોર પોલીસને જુગારના અડ્ડા પરથી ચાર જુગારી ઝડપાયા

શિનોર : શિનોર પોલીસને બાતમી મળી હતી કે માલસર માંડવા રોડ પર આવેલી એક આંબાવાડીમાં કેટલાક શખ્સો જાહેરમાં રૂપિયા-પૈસાની હારજીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પીએસઆઈ એ.કે. રાજેન્દ્રસિંહ મહેન્દ્રસિંહના માર્ગદર્શન હેઠળ પોલીસે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન નારણભાઈ કેશુભાઈ વાઘરી, કેશુભાઈ શંકરભાઈ વસાવા, રામુભાઈ મોતીલાલ વાઘરી અને વસીમભાઈ ચેતુલભાઈ સિંધીને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે એક આરોપી શિનોર પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયો હતો.


**જાહેર નોટીસ** શ્રી એસ.સી. સંગાડા, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડની કોર્ટમાં

અરજદાર :- અડ કિરીટભાઈ ગોરધનભાઈ રહે. મંડેર(રં), તા. સીંગવડ જિ. દાહોદ — નં.જ.મ.પ્ર/એસ.આર.નં.૩૧૭થી ૩૧૯/૨૦૨૬ તા.૧૮-૦૬-૨૦૨૬

વિરૂધ્ધ

સમાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી, મંડેર (રં) મું. મંડેર (રં) તા. સીંગવડ જી. દાહોદ

**જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત**

આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી અડ કિરીટભાઈ ગોરધનભાઈ રહે. મંડેર (રં), તા. સીંગવલડ, જિ. દાહોદનાઓએ જન્મ મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે. તેઓએ તેમની પુત્રી નામે અડ સોહાનાબેન કિરીટભાઈનો જન્મ તા.૩૦-૦૮-૨૦૧૪ના રોજ મુ.મંડેર(રં), તા.સીંગવડ જિ.દાહોદખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઈ અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે. સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી 30 દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, સીંગવડની કોર્ટમં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૧૮-૦૬-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

એસ.સી. સંગાડા
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
અને મામલતદાર સીંગવડ